# વર્લ્ડકપ સેમી ફાઈનલ : એમ્બાપ્પે વિરુદ્ધ યમાલ અને મેસી વિરુદ્ધ કેન

**1990** પછી પહેલીવાર વર્લ્ડકપની સેમી ફાઇનલ ચાર માજી ચેમ્પિયન ટીમો વચ્ચે રમાશે

**વિશ્વની** ટોચની ક્રમાંકિત ટીમોમાંથી ચાર અંતિમ ચારમાં અને સર્વકાલિન ટોચના પાંચ સ્કોરર મેદાનમાં

એટલાન્ટા, તા. 13 (એપી) : ફિફા વર્લ્ડકપમાં આવતીકાલે મંગળ અને બુધવાર વચ્ચેની મધરાતે જ્યારે ફ્રાન્સ પહેલી સેમી ફાઈનલમાં સ્પેનનો સામનો કરશે, ત્યારે અનુભવી ખેલાડી કિલિયન એમબાપ્પે અને યુવા સ્ટ્રાઈકર લેમિન યમલ વચ્ચે એક રસપ્રદ સંગ્રામ જોવા મળી શકે છે, તો બુધ અને ગુરુવાર વચ્ચેની મધરાતે રમાનારી આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી સેમી ફાઈનલમાં બે અનુભવી ખેલાડી લિયોનેલ મેસી અને હેરી કેન એકબીજાનો સામનો કરશે.

### ફ્રાન્સ વિરુદ્ધ સ્પેન : એમ્બાપ્પે અને યમાલ પર રહેશે બધાની નજર



ફ્રાન્સ અને સ્પેન બે વર્ષ પહેલાં યુરોપિયન ચેમ્પિયનશિપમાં મળ્યા હતા, જે પછી તેઓ એક મોટી સ્પર્ધાના સેમી ફાઇનલમાં ફરી એકબીજાનો સામનો કરશે. સ્પેને તે મેચ 2-1થી જીતી હતી. તે સમયે 16 વર્ષના યમાલે ગોલ કર્યો હતો. સ્પેને ફાઇનલમાં ઈંગ્લેન્ડને હરાવીને યુરો કપ જીત્યો હતો. નાકની ઈજાને કારણે એમ્બાપ્પે તે ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરી શક્યો ન હતો, જ્યારે માઈકલ ઓલિસ અને ડિઝાયર ડો જેવા ઉભરતા સ્ટાર્સ હજુ સુધી પોતાની છાપ છોડી શક્યા ન હતા. બે વર્ષ પછી, ફ્રાન્સને વર્તમાન વર્લ્ડ કપમાં સૌથી પ્રભાવશાળી ટીમ માનવામાં આવે છે, જેમાં પ્રતિભાશાળી ફોરવર્ડ લાઇન છે. બધાની નજર એમ્બાપ્પે પર રહેશે, જેણે અત્યાર સુધી ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કર્યા છે. ટુર્નામેન્ટમાં પ્રવેશતા પહેલા સ્પેનને યમલ અને સાથી વિંગર નિકો વિલિયમ્સની ઇજાઓનો સામનો કરવો પડ્યો હતો. આ બંને દેશો વર્લ્ડકપ કે યુરો કપમાં ઘણી વખત એકબીજાનો સામનો કરી ચૂક્યા છે. ફ્રાન્સે યુરો 1984ની ફાઇનલમાં સ્પેનને હરાવ્યું હતું.

### ઇંગ્લેન્ડ વિરુદ્ધ આર્જેન્ટિના : જાણીતી દૂશ્મનાવટ વચ્ચે વધુ એક જંગ ખેલાશે



આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડ વચ્ચેની દુશ્મનાવટ જાણીતી છે. વર્લ્ડકપમાં આ બંને ટીમો વચ્ચે ઘણી વખત તણાવપૂર્ણ ક્ષણો આવી છે. 1966ના વર્લ્ડકપની ક્વાર્ટર ફાઇનલ ઇંગ્લેન્ડે 1-0થી જીતી હતી. ઈંગ્લેન્ડના તત્કાલીન કોચ, આલ્ફ રામસે, તેમના ખેલાડીઓને વિરોધી ટીમ સાથે જર્સીની આપ-લે કરતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. 20 વર્ષ આગળ વધતા 1986ના વર્લ્ડકપમાં, ડિએગો મેરાડોનાના કુખ્યાત હેન્ડ ઓફ ગોડ ગોલથી આર્જેન્ટિનાએ ક્વાર્ટર ફાઇનલમાં ઇંગ્લેન્ડ સામે 2-1 થી જીત મેળવી હતી. 1998ના વર્લ્ડકપમાં, ડેવિડ બેકહામને આર્જેન્ટિનાના મિડફિલ્ડર ડિએગો સિમોનને લાત મારવા બદલ મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો. ચાર વર્ષ પછી, બંને ટીમો ગ્રુપ સ્ટેજમાં મળી. બેકહામે પેનલ્ટીથી પોતાની હારનો બદલો લીધો, અને ઈંગ્લેન્ડને 1-0થી વિજય અપાવ્યો જેનાથી આર્જેન્ટિનાને બહાર કરી દેવામાં આવ્યો.હવે એ જોવું રસપ્રદ રહેશે કે મેસ્સી અને કેનમાંથી કોણ તેની ટીમની જીતનો હીરો બનીને ઉભરે છે.

આ વર્ષની સેમિફાઈનલ કેટલીક રીતે અનોખી છે. ચાર માજી ચેમ્પિયન અને વિશ્વની ટોચની ક્રમાંકિત ટીમોમાંથી ચાર અંતિમ ચારમાં પહોંચી છે. છ સર્વકાલીન ટોચના સ્કોરરમાંથી પાંચ મેદાન પર હશે. સર્વકાલીન મહાન ખેલાડીઓમાંથી એક મેસી ધ્યાનનું કેન્દ્ર રહેશે. વધુમાં, ફૂટબોલની સૌથી કડવી હરીફાઈઓમાંની એક પણ આ સેમી ફાઇનલમાં પ્રદર્શિત થશે. આર્જેન્ટિના, સ્પેન, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડે ફિફા રેન્કિંગમાં ટોચની ચાર ટીમો તરીકે ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો હતો અને હવે તેઓ વિશ્વ ચેમ્પિયન બનવાથી માત્ર બે જીત દૂર છે. સેમી ફાઈનલ મેચના પરિણામની આગાહી કરવી અત્યંત મુશ્કેલ છે. ફ્રાન્સ મંગળવારે મધરાતે ટેક્સાસના આર્લિંગ્ટનમાં સ્પેનનો સામનો કરશે અને બુધવારે મધરાતે એટલાન્ટામાં ઈંગ્લેન્ડ આર્જેન્ટિનાનો સામનો કરશે. 1990 પછી આ પહેલીવાર છે જ્યારે વર્લ્ડકપના અંતિમ ચારમાં સામેલ બધી ટીમો માજી ચેમ્પિયન છે. જો ફ્રાન્સ અને આર્જેન્ટિના બંને ફાઈનલમાં પહોંચશે, તો આ વર્ષે પણ 2022ની ફાઈનલનું પુનરાવર્તન જોવા મળી શકે છે.

**આજે પહેલી સેમી ફાઇનલ** | **ફ્રાન્સ vs સ્પેન, રાત્રે 12.30 વાગ્યે**

## આજે પહેલી સેમી ફાઇનલમાં ફ્રાન્સ-સ્પેન વચ્ચે મુકાબલો

**ફ્રાન્સની** આક્રમકતા અને સ્પેનની ટીકી-ટાકા શૈલી વચ્ચેની સ્પર્ધા રસપ્રદ બની રહેશે

**રાત્રે** 12.30 વાગ્યે શરૂ થનારી મેચ એક રોમાંચક મુકાબલો બની રહેવાની સંભાવના



ડલ્લાસ, તા. 13 (પીટીઆઇ) વર્લ્ડકપ ફૂટબોલની આવતીકાલે મંગળવારે અહીં રમાનારી પ્રથમ સેમી ફાઇનલમાં સતત ત્રીજી વર્લ્ડકપની ફાઇનલમાં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કરી રહેલા ફ્રાન્સની આક્રમક રણનીતિ, અને બીજું ટાઇટલ જીતવાનું સપનુ સેવી રહેલી સ્પેનની 'ટીકી ટાકા' શૈલી વચ્ચે એક રોમાંચક મુકાબલો જોવા મળશે.

કિલિયન એમ્બાપ્પેના નેતૃત્વ હેઠળની ફ્રેન્ચ ટીમમાં ફોરવર્ડ લાઇનમાં ઘણા સારા ખેલાડીઓ છે અને તેમણે અત્યાર સુધી વર્તમાન ટુર્નામેન્ટમાં આક્રમક રમત રમવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બીજી તરફ, સ્પેન બોલ પર નિયંત્રણ જાળવવા અને ટૂંકા, તીક્ષ્ણ પાસ બનાવવા માટે પ્રખ્યાત છે, જેને સ્પેનિશમાં 'ટીકી-ટાકા' તરીકે ઓળખવામાં આવે છે. આ વ્યૂહરચના વિરોધી ટીમને સ્થિતિથી દૂર રાખવા અને સારા સંકલન જાળવવા પર કેન્દ્રિત છે. તેથી, એમ્બાપ્પે અને તેના સાથી ખેલાડીઓ માટે પડકાર સરળ રહેશે નહીં.

ફ્રાન્સે અત્યાર સુધી પોતાની બધી મેચ જીતી છે પરંતુ હવે તેનો સામનો સ્પેન સાથે છે, જેણે અલગ અલગ સ્પર્ધાઓમાં પોતાની છેલ્લી બે મેચમાં તેમને હરાવ્યા છે.તેથી જ યુવા સ્પેનિશ સ્ટ્રાઈકર લેમિન યામાલે કહ્યું કે ફ્રેન્ચ ટીમે તેમની ટીમથી ડરવું જોઈએ. પરંતુ એમ્બાપ્પે માને છે કે તેમની ટીમ સ્પેનનો સામનો કરવા માટે તૈયાર છે. આઠમી વખત સેમી ફાઇનલમાં પહોંચેલા બે વખતના વિશ્વ ચેમ્પિયન ફ્રાન્સ પાસે પશ્ચિમ જર્મની (1982, 1986, 1990) પછી સતત ત્રણ વર્લ્ડકપ ફાઇનલ રમનારો બીજો યુરોપિયન રાષ્ટ્ર બનવાની તક છે. વર્લ્ડકપમાં આ બંને ટીમો વચ્ચે એકમાત્ર મેચ 2006માં જર્મનીમાં રમાયેલી ટુર્નામેન્ટના અંતિમ 16ની રમાઇ હતી, જેમાં ફ્રાન્સ 3-1થી જીત્યું હતું.

### ફ્રાન્સ અને સ્પેનની સેમી ફાઇનલ સુધીની સફર કંઇક આવી રહી

ફ્રાન્સે ગ્રુપ સ્ટેજમાં સેનેગલ, ઇરાક અને નોર્વે પર સરળતાથી વિજય મેળવ્યો. તે પછી રાઉન્ડ ઓફ 32 માં સ્વીડનને અને રાઉન્ડ ઓફ 16 માં પેરાગ્વેને હરાવીને પોતાની રમતમાં એક અલગ જ પાસું બતાવ્યું. ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કો પર પ્રભાવશાળી પ્રદર્શન કરીને જીત મેળવી. સામા પક્ષે સ્પેનને તેમની શરૂઆતની મેચમાં કેપ વર્ડે સામે ગોલરહિત ડ્રો માટે સંઘર્ષ કરવો પડ્યો હતો, તે પછી સાઉદી અરેબિયા અને ઉરુગ્વેને હરાવીને તેમના ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવ્યું. સ્પેને રાઉન્ડ ઓફ ૩૨માં ઓસ્ટ્રિયાને અને રાઉન્ડ ઓફ 16માં પોર્ટુગલને અને ક્વાર્ટર ફાઇનલમાં બેલ્જિયમને હરાવીને સેમી ફાઇનલમાં પહોંચ્યા છે.

### ઐતિહાસિક જીત પહેલા ભારતીય મહિલા ટીમ સાથે સચિન તેંદુલકરની સરપ્રાઇઝ મુલાકાત





લોર્ડસ ટેસ્ટના આજે સોમવારે અંતિમ દિવસે રમત શરૂ થાય તે પહેલાં, ભારતીય ટીમને દિગ્ગજ સચિન તેંદુલકરે ભારતીય મહિલા ક્રિકેટ ટીમને મળવા માટે અચાનક સરપ્રાઇઝ મુલાકાત લીધી હતી અને તેમની સાથે ચર્ચા કરી હતી. રમત શરૂ થવા પહેલા તે ભારતીય ટીમના હડલમાં જોડાયો અને કેપ્ટન હરમનપ્રીત કૌર અને ખેલાડીઓ સાથે પ્રોત્સાહનના શબ્દો શેર કર્યા હતા. ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલના અધ્યક્ષ જય શાહે પણ તેંદુલકર સાથે સ્ટેન્ડમાંથી મેચ નિહાળી અને બાદમાં ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા.





## લોર્ડ્સમાં ઐતિહાસિક મહિલા ટેસ્ટમાં ભારતે ઈંગ્લેન્ડને 270 રને હરાવ્યું

**457** રનના વિશાળ લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડની ટીમ 186 રનમાં ઓલઆઉટ થઇ

**મેચમાં** કુલ સાત વિકેટ ઉપાડનારી ક્રાંતિ ગૌડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઇ

લંડન, તા. 13 (પીટીઆઈ) : અહીંના પ્રતિષ્ઠિત લોર્ડ્સ મેદાન પર રમાયેલી પ્રથમ મહિલા ક્રિકેટ ટેસ્ટમાં આજે સોમવારે ચોથા અને અંતિમ દિવસે ઈંગ્લેન્ડના બીજા દાવમાં ઓફ સ્પિનર સ્નેહ રાણાએ ચાર વિકેટ ઝડપતા ભારતે ઈંગ્લેન્ડને 270 રનથી હરાવ્યું હતું. એકમાત્ર ટેસ્ટના અંતિમ દિવસે ભારતને જીતવા માટે ચાર વિકેટની જરૂર હતી અને ભારતીય મહિલા ટીમે 457 રનના વિશાળ લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડને 62.5 ઓવરમાં 186 રનમાં ઓલઆઉટ કરી દીધું.

સ્નેહે 42 રનમાં ચાર વિકેટ જ્યારે સયાલી સતઘરેએ 24 રનમાં 2, દીપ્તિ શર્માએ 36 રનમાં 2 અને ક્રાંતિ ગૌડે 54 રનમાં 2 વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી વિકેટકીપર-બેટર એમી જોન્સે 80 બોલમાં સૌથી વધુ 54 રન બનાવ્યા, જ્યારે છેલ્લે આઉટ થયેલી સોફી એક્લેસ્ટોને 50 રન બનાવ્યા. ઈંગ્લેન્ડે અંતિમ દિવસની શરૂઆત છ વિકેટે 130 રનથી કરી હતી અને 90 મિનિટથી વધુ સમય સુધી બેટિંગ કરતા ભારતીય બોલરો સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

લોર્ડ્સમાં પ્રથમ પુરુષોની ટેસ્ટ મેચના 142 વર્ષ પછી મહિલા ટેસ્ટ મેચ યોજાઈ રહી હતી, તેથી આ ઐતિહાસિક મેચમાં બંને ટીમો માટે ઘણું બધું દાવ પર હતું. ક્રાંતિ ગૌડે પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટ લઈને ભારતને મહત્વપૂર્ણ લીડ અપાવીને લોર્ડ્સના ઓનર બોર્ડ પર પોતાનું નામ નોંધાવ્યું અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઇ હતી. આ મોટી જીત સાથે, ભારતે સૌથી લાંબા ફોર્મેટમાં ઈંગ્લેન્ડ સામે પોતાનો પ્રભાવશાળી રેકોર્ડ જાળવી રાખ્યો. બંને ટીમો વચ્ચે રમાયેલી 16 ટેસ્ટ મેચમાંથી, ભારતે ચાર જીતી છે, જ્યારે ઈંગ્લેન્ડે એક જીતી છે. અન્ય 11 મેચ ડ્રો રહી હતી. ભારતનો એકમાત્ર પરાજય ઈંગ્લેન્ડ સામે 1995માં થયો હતો. આ મેચ ઈંગ્લેન્ડના અનુભવી ખેલાડીઓ ટેમી બ્યુમોન્ટ અને ભૂતપૂર્વ કેપ્ટન હીથર નાઈટ માટે પણ વિદાય મેચ હતી.

## સૌહાદપૂર્ણ ચર્ચા પછી ફ્લેમિંગ CSKથી અલગ થઈ ગયા

**IPLની** પહેલી સિઝનમાં ખેલાડી અને 2009થી મુખ્ય કોચ તરીકે ફ્લેમિંગ CSK સાથે જોડાયેલા રહ્યા



ચેન્નાઈ, તા. 13 (પીટીઆઈ) : પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) છેલ્લી ત્રણ સીઝનથી પ્લેઓફમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા પછી લાંબા સમયથી મુખ્ય કોચ રહેલા સ્ટીફન ફ્લેમિંગથી અલગ થવાનો નિર્ણય લીધો છે. ફ્લેમિંગ પહેલી વાર 2008માં આઈપીએલની શરૂઆતની સીઝનમાં ખેલાડી તરીકે ટીમમાં જોડાયા હતા અને તે પછી 2009થી ટીમના મુખ્ય કોચ તરીકે સેવા આપી રહ્યા છે.

ફ્લેમિંગે સોમવારે સીએસકેના નિવેદનમાં જણાવ્યું 18 વર્ષ રમતગમતમાં ઘણો લાંબો સમય છે. હું તેના માટે આભારી છું. ચેન્નાઈ સુપર કિંગ્સ સાથેનો મારો સમય મારા કોચિંગ કારકિર્દીનો સૌથી મહત્વપૂર્ણ સમય રહ્યો છે. આ દરમિયાન અમે જે કંઈ પ્રાપ્ત કર્યું છે તેના પર મને ગર્વ છે. ફ્લેમિંગે કહ્યું કે સાથે મળીને, અમે અવિસ્મરણીય જીતની ઉજવણી કરી, મુશ્કેલ ક્ષણોનો સામનો કર્યો, અને એવી યાદો બનાવી જે હું જીવનભર સાચવી રાખીશ. સીએસકે હંમેશા મારા હૃદયની નજીક રહેશે . સીએસકેએ કહ્યું કે ફ્લેમિંગ અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે થયેલી સૌહાર્દપૂર્ણ ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## એશ્લે ગાર્ડનર પર તેની પાર્ટનરે મૂક્યો જ્યોર્જીયા વોલ સાથે અફેરનો આરોપ

**ગાર્ડનરની** પાર્ટનર મોનિકા રાઇટે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા મૂકેલા આરોપથી ઓસ્ટ્રેલિયન મહિલા ટીમમાં ખળભળાટ




સિડની, તા 13 : તાજેતરમાં જ ટી-20 વર્લ્ડકપમાં ચેમ્પિયન બનેલી ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમ હાલમાં મેદાનથી દૂર એક મોટા વ્યક્તિગત વિવાદને કારણે સમાચારમાં છે. સ્ટાર ઓલરાઉન્ડર એશ્લે ગાર્ડનરની પાર્ટનર મોનિકા રાઈટે જાહેરમાં ગાર્ડનર પર તેની સાથી ખેલાડી જ્યોર્જિયા વોલ સાથે અફેર હોવાનો આરોપ લગાવ્યો છે.

ડેઈલી મેઈલના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો કે ગાર્ડનરનું વૈવાહિક જીવન અન્ય ક્રિકેટર સાથેની નિકટતાને કારણે તૂટી ગયું હતું. જોકે રિપોર્ટમાં તે ખેલાડીનું નામ જાહેર કરવામાં આવ્યું નહોતું. પરંતુ મોનિકાએ પોતે જ સોશિયલ મીડિયા પર જ્યોર્જિયા વોલની તસવીર શેર કરીને લખ્યું કે મીડિયાના અહેવાલો ખૂબ જ અસ્પષ્ટ હતા, તેથી તે પોતે સત્ય જાહેર કરી રહી હતી.

આ હાઈ-પ્રોફાઈલ સંબંધોમાં તિરાડ આ વર્ષે ભારતમાં યોજાયેલા મહિલા વન ડે વર્લ્ડકપ દરમિયાન શરૂ થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મોનિકા તેની પાર્ટનરને ટેકો આપવા માટે ભારત આવી હતી, જ્યાં ટીમના અન્ય સભ્યોએ ગાર્ડનરના વર્તનમાં નોંધપાત્ર ફેરફાર જોયો. વર્લ્ડકપ સમાપ્ત થયા પછી, જ્યારે બંને સિડની પાછા ફર્યા, ત્યારે ગાર્ડનરે મોનિકાને સ્પષ્ટપણે કહ્યું કે તેમના સંબંધો હવે પહેલા જેવા નથી રહ્યા. આના કારણે તેમના લગ્નનો અંત આવ્યો.

## આજે પ્રથમ વન ડે : રો-કોની વાપસી સાથે જીતના માર્ગે વાપસી પર ભારતની નજર

**ઈંગ્લીશ** પીચો પર આર્ચર અને ટંગ જેવા બોલરોનો સામનો કરવામાં રોહિત-કોહલીનો અનુભવ કામે લાગવાની આશા

**બપોરે** 3.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



બર્મિંઘમ, તા. 13 (પીટીઆઈ) : ટી-20 સીરિઝમાં ક્લીનસ્વિપ થયા પછી હવે ભારતીય ટીમ આવતીકાલે મંગળવારથી અહીં શરૂ થઇ રહેલી ત્રણ મેચની વન ડે સીરિઝની પ્રથમ મેચમાં અનુભવી ખેલાડી વિરાટ કોહલી અને રોહિત શર્માની વાપસી સાથે જીતના માર્ગે પરત ફરવા પર નજર રાખશે. રોહિત અને કોહલીએ માત્ર પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન જ નહીં પણ ટી-20માં સતત હારથી હતાશ ભારતીય ટીમનું મનોબળ વધારવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે.

કોહલી, રોહિત અને જસપ્રીત બુમરાહ એવા ફોર્મેટમાં રમવા માટે પાછા ફરી રહ્યા છે જ્યાં ટી-20 ક્રિકેટની વધતી જતી લોકપ્રિયતાને કારણે દ્વિપક્ષીય મેચો તેમનું મહત્વ અને ચમક ગુમાવી રહી છે. પરંતુ 39 વર્ષનો રોહિત અને ટૂંકમાં જ 38નો થનારો કોહલીમાં હજુ પણ જોશ અને જુસ્સો છે. તેઓ શ્રેષ્ઠ વન ડે ખેલાડીઓમાં સામેલ છે અને આવતા વર્ષના વન ડે વર્લ્ડકપ સુધી ટીમમાં રહેવાનું લક્ષ્ય રાખે છે.

ઉપખંડની પીચો કરતાં વધુ પડકારજનક પીચો પર જોફ્રા આર્ચર અને જોશ ટંગ જેવા સચોટ ઝડપી બોલરોનો સામનો કરવો એક અલગ પડકાર રજૂ કરે છે. પરંતુ રોહિત અને કોહલીએ વર્ષોથી ઈંગ્લેન્ડના બોલરોને ત્રાસ આપ્યો છે અને તેઓ બરાબર જાણે છે કે તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે. આ સીરિઝ માટે ટીમમાં આ બે દિગ્ગજ બેટ્સમેનોની હાજરી મહત્વપૂર્ણ બની ગઈ છે. કેપ્ટન શુભમન ગિલની વાપસી અને અનુભવી કેએલ રાહુલની હાજરી સાથે, ભારત પાસે અનુભવી બેટ્સમેનોની એક મજબૂત ટીમ છે જે કોઈપણ મેચનું પાસુ પલટાવી શકે છે. બેટિંગ યુનિટ વિશે ચિંતા કરવાની કોઈ વાત નથી. પરંતુ બોલિંગ યુનિટ માટે પણ એવું જ કહી શકાય નહીં, જેને બુમરાહના વાપસીથી મજબૂતી મળશે. ભારતના નવા ઝડપી બોલર ગુરનુર બ્રારને ઈંગ્લિશ પિચો પર તેની લંબાઈને લઈને સંપૂર્ણપણે અલગ પડકારનો સામનો કરવો પડશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### અમેરિકા હોર્મુઝનું...

આવતા તમામ માલસામાન પર 20% ના દરે વળતર લેવામાં આવશે." તેમણે ઉમેર્યું કે "આ પ્રક્રિયા અને તેની રચના તાત્કાલિક શરૂ કરવામાં આવશે. હોર્મુઝની સામુદ્રધુની પર્સિયન ખાડીને ઓમાનની ખાડી સાથે જોડે છે અને તે વૈશ્વિક તેલ અને પ્રવાહી કુદરતી ગેસ (LNG)ના આશરે પાંચમા ભાગના પરિવહન જથ્થાનું વહન કરે છે. આ સાંકડા જળમાર્ગ દ્વારા થતા ટ્રાફિકમાં કોઈપણ વિક્ષેપની સીધી અસર ઉર્જા બજારો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર પડે છે. ટ્રમ્પની ટ્રુથ સોશિયલ પોસ્ટ ફોક્સ ન્યૂઝ સાથેના ફોન ઈન્ટરવ્યુમાં તેમણે કરેલી ટિપ્પણીઓ બાદ આવી છે, જેમાં તેમણે સૌપ્રથમ દરખાસ્ત કરી હતી કે અમેરિકાએ આ વ્યૂહાત્મક ચોકપોઈન્ટ પર અસરકારક રીતે નિયંત્રણ મેળવવું જોઈએ. તેમણે કહ્યું, "આપણે આ સામુદ્રધુનીને આપણી પાસે રાખીશું અને કદાચ આપણે જ તેને ચલાવીશું. આપણે આ સામુદ્રધુનીના રક્ષક બનીશું. કદાચ આપણે તેને સામુદ્રધુનીના ગાર્ડિયન એન્જલ (રક્ષક દેવદૂત) કહીશું. અને તેના માટે આપણને વળતર મળવું જોઈએ."

### જૂનમાં મોંઘવારી...

હતો. નિષ્ણાતોના મતે મોનસૂનની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની અસ્થિરતા આગામી સમયમાં મુખ્ય પરિબળો રહેશે. 3થી 5 ઓગસ્ટ દરમિયાન યોજાનારી આરબીઆઈની આગામી નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠકમાં વ્યાજદરો યથાવત રહે તેવી શક્યતા છે. વર્લ્ડ બેંકના ભૂતપૂર્વ ચીફ ઈકોનોમિસ્ટ કૌશિક બાસુએ 'X' પર પોસ્ટ કરીને કહ્યું કે, ભારતનો છૂટક ફુગાવો વધીને 4.38 ટકા થયો છે, જે આરબીઆઈના 4 ટકાના લક્ષ્યાંકને વટાવી ગયો છે. ખાદ્ય ફુગાવો તો તેનાથી પણ વધુ (5 ટકાથી ઉપર) છે. કેટલાક લોકો એ વાતથી રાહત અનુભવે છે કે આપણે ભૂતકાળમાં આનાથી પણ વધુ ફુગાવો જોયો છે, જ્યારે અન્ય લોકો માટે આ ચિંતાનો વિષય છે અને નીતિગત પગલાં લેવાનો સમય આવી ગયો છે.

### અરૂણાચલમાં પૂરથી...

વધી ગયું છે. રવિવારે યમુના નદીમાં નહાવા ગયેલા ૪ બાળકો પાણીના તેજ પ્રવાહમાં તણાઈ ગયા હતા. અરુણાચલ પ્રદેશમાં સોમવારે સતત વરસી રહેલા વરસાદને કારણે આવેલા નવા પૂર અને ભૂસ્ખલનથી રોડ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ હતી અને અનેક જિલ્લાઓમાં જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચ્યું હતું, તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. વરસાદને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનના વર્તમાન તબક્કાને લીધે અત્યાર સુધીમાં રાજ્યભરમાં સાત લોકોના મોત થયા છે અને ૨૯ લોકો ઘાયલ થયા છે. પૂરને કારણે પર્સી પાર્લો નામના એક દુર્ગમ સરહદી ગામમાં ઘણી અસર થઇ છે જ્યાં એક ચર્ચ, શાળા અને સરકારી ઇમારતોને નુકસાન થયું છે. રાજ્યમાં પૂરના કારણે ઓછામાં ઓછા ૯૭,૧૮૨ લોકો પ્રભાવિત થયા છે.

### મધ્યસ્થીઓ હજુ...

પ્રયાસો રવિવારે પણ ચાલુ રહ્યા હતા. પાકિસ્તાને જણાવ્યું હતું કે તેના વિદેશ મંત્રીએ ઈરાનના ટોચના રાજદ્વારી સાથે ફોન પર વાત કરી હતી અને બંને પક્ષોને તણાવ ઓછો કરવા વિનંતી કરી હતી.

### ભારતીય લશ્કરની...

હોય છે. કોઈ કટોકટીના સમયે, ત્રણેય સેનાઓ એકીકૃત(unified) કમાન્ડ હેઠળ કામ કરવાને બદલે એકબીજા સાથે માત્ર સંકલન સાધે છે. સૂચિત થિયેટરાઈઝેશન મોડલ ભૌગોલિક અથવા કાર્યાત્મક રીતે વ્યાખ્યાયિત કમાન્ડ બનાવીને આ સ્થિતિને બદલવાનો પ્રયાસ કરે છે, જે આર્મી, નેવી અને એરફોર્સની અસ્કયામતોને એકત્રિત કરશે. એક સિંગલ થિયેટર કમાન્ડર નિર્ધારિત વિસ્તારમાં ઓપરેશન્સની દેખરેખ રાખશે, જેનાથી ત્રણેય સેનાઓ એક એકીકૃત બળ તરીકે લડી શકશે. આ માટેની દરખાસ્ત ટૂંક સમયમાં સંરક્ષણ મંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે અને ત્યારબાદ સુરક્ષા માટેની કેબિનેટ સમિતિ દ્વારા તેને મંજૂર કરવામાં આવે પછી તે અમલમાં મૂકવા માટેની આગળની કાર્યવાહી શરૂ થશે.

### ટ્રેનના AC કોચના...

જોઈએ તો બિકાનેર ડિવીઝનમાં સૌથી વધુ 25.76 લાખ વસ્તુઓ ચોરાઈ છે, ત્યારબાદ રાંચીમાં 9.31 લાખ, દિલ્હીમાં 8.21 લાખ, મુંબઈમાં 8.17 લાખ, જોધપુરમાં 8.09 લાખ અને અમદાવાદમાં 6.94 લાખ વસ્તુઓ ગુમ થઈ છે. રેલવે પ્રવક્તાના જણાવ્યા મુજબ, આ નુકસાનની આર્થિક જવાબદારી કોન્ટ્રાક્ટરની રહે છે.

### હવે નવો...

અને ગેસના પુરવઠામાં આવેલા અવરોધોએ અખાતી દેશો પર અતિશય નિર્ભર રહેવાના જોખમોને ખુલ્લા પાડી દીધા હતા, ત્યારબાદ નવી દિલ્હીએ શાંતિપૂર્વક તેની ઉર્જા સુરક્ષા વ્યૂહરચનાને નવો આકાર આપવાનું શરૂ કર્યું છે. સરકારી માલિકીની રિફાઇનરીઓએ મધ્ય પૂર્વ સિવાયના દેશોમાંથી ક્રૂડની ખરીદી વધારી છે, સ્પોટ-માર્કેટમાંથી ખરીદીમાં વધારો કર્યો છે, રશિયા, અમેરિકા અને પશ્ચિમ આફ્રિકા જેવા સપ્લાયર્સ પાસેથી આયાત વિસ્તારી છે અને વધુ લવચીક પુરવઠા વ્યવસ્થાઓ શોધી છે જે કોઈપણ એક ક્ષેત્ર પરની નિર્ભરતાને ઘટાડે છે. બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર, ભારતીય રિફાઇનરીઓ ટૂંકા ગાળાની ખરીદી અને વૈશ્વિક ટ્રેડિંગ હાઉસ સાથે વ્યાપક પુરવઠા કરારો તરફ વળી રહી છે, જે વિવિધ પ્રદેશોમાંથી ક્રૂડ મેળવે છે.

### હોર્મુઝ પર નિયંત્રણ...

સંઘર્ષ વચ્ચે મધ્ય-પૂર્વમાં તનાવ ફરીથી ખૂબ વધી ગયો છે. આ તાજેતરનો વિવાદ રવિવારે હોર્મુઝની સામુદ્રધુનીમાં એક કન્ટેનર જહાજ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ શરૂ થયો હતો. અમેરિકા અને ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ કર્યું ત્યારથી ઈરાન આંતરરાષ્ટ્રીય તેલ અને ગેસ માટેના આ અત્યંત મહત્વપૂર્ણ જળમાર્ગ પર પોતાનું નિયંત્રણ હોવાનો દાવો કરી રહ્યું છે. સોમવારે ફોક્સ ન્યૂઝ પર વાત કરતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમે હોર્મુઝની સામુદ્રધુની પર નિયંત્રણ મેળવી રહ્યા છીએ. ટ્રમ્પે એમ પણ કહ્યું કે રવિવારે ૧૧ કલાક લાંબી ચાલેલી બેઠકમાં બધી બાબતો પર સહમતિ બની ગઈ હતી, પરંતુ ઈરાનના વાટાઘાટકારોએ પાછળથી ફોન કરીને ફેરફારો સૂચવ્યા હતા. તેમણે આ અંગે વધુ વિગતો આપી ન હતી. ઈરાન અને અમેરિકા એ ૬૦ દિવસના સમયગાળાના લગભગ અડધા રસ્તે પહોંચી ગયા છે જેમાં તેઓએ યુદ્ધનો કાયમી અંત લાવવા અને ઈરાનના વિવાદિત પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી કરવા માટે વાટાઘાટો કરવાની હતી. તેના બદલે, સામુદ્રધુની પર શ્રેણીબદ્ધ હુમલાઓએ ફરીથી સંપૂર્ણ યુદ્ધ ફાટી નીકળવાનો અને વૈશ્વિક અર્થતંત્રને વધુ નુકસાન પહોંચાડવાનો ભય પેદા કર્યો છે. અમેરિકન મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે સોમવારે કરાયેલા હુમલામાં તેના દળોએ ડઝનબંધ સ્થળોને નિશાન બનાવ્યા હતા, જેમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ, રડાર સાઇટ્સ, મિસાઇલ અને ડ્રોન સાધનો તેમજ નાની બોટોનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયનના ટોચના રાજદ્વારી કાજા કલાસે આ સામુદ્રધુનીને યુદ્ધ પહેલાની જેમ ખુલ્લી રાખવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું, નેવિગેશનની સ્વતંત્રતાનું સન્માન થવું જ જોઈએ. બીજી બાજુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુની અમારો પ્રદેશ છે, અને અમે દુનિયાના બીજા છેડેથી આવેલી એક બદમાશ અને માસૂમ બાળકોની હત્યારી સેનાને આમાં તેની ગેરકાયદેસર દખલગીરી ચાલુ રાખવા દઈશું નહીં. સના એરપોર્ટ પર હવાઈ હુમલા બાદ યમને આગામી આદેશ સુધી દેશના તમામ એરપોર્ટ બંધ કરી દીધા છે. સિવિલ એવિએશન ઓથોરિટીએ તમામ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. યમન સરકારનો દાવો છે કે ઈરાની વિમાનને સના એરપોર્ટ પર ઉતરતા રોકવા માટે સેનાએ રનવે પર હુમલો કર્યો હતો. સરકારના જણાવ્યા અનુસાર, હૂથી બળવાખોરો ઈરાની વિમાનને લેન્ડ કરાવવા માટે મક્કમ હતા, તેથી આ કાર્યવાહી કરવામાં આવી છે.

### દિલ્હી ડાયરી...

કરવામાં આવ્યા હતા, પરંતુ કેટલાક ફોન લાગ્યા નહોતા જ્યારે કેટલાક ફોન સ્વીચ ઓફ હતા. ત્યાં ભારે ગભરાટ ફેલાઇ ગયો હતો કારણ કે કોંગ્રેસ પંજાબમાં તૃણમૂલ કોંગ્રેસ જેવી નિષ્ફળતાનું પુનરાવર્તન સહન કરી શકે તેમ નથી, જ્યાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. જ્યારે પંજાબના નેતાઓ એક પછી એક આવવા લાગ્યા ત્યારે પક્ષે સામૂહિક રાહતનો શ્વાસ લીધો હતો.

### E20 પેટ્રોલ સામે...

અને 54.2 ટકા લોકોનું માનવું છે કે તેનાથી વાહનોને નુકસાન થાય છે. આ ઉપરાંત, 56.3 ટકા લોકોનું માનવું છે કે E20 પેટ્રોલ ફરજિયાત કરવું એ જૂના વાહનોના માલિકો સાથે અન્યાય હશે. આ વ્યાપક વિરોધ વચ્ચે, 75.9 ટકા લોકોએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે ગ્રાહકોને ઈથેનોલ-મિશ્રિત અને સામાન્ય પેટ્રોલ વચ્ચે પસંદગી કરવાની છૂટ મળવી જોઈએ. તેમજ 74.5 ટકા લોકો માને છે કે E20 પેટ્રોલની કિંમત સામાન્ય પેટ્રોલ કરતાં ઓછી હોવી જોઈએ. જો કે, સરકારના એ દાવા સાથે 37.2 ટકા લોકો સંમત છે કે આ નીતિથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે.